આજ રાતે હું સુઇ જઇશ ત્યારે મારો આત્મા સાચવવાને હું ઇશ્વરને સોંપીશ; હું જાગું તે પેહેલાં મરી જાઊં તો મારો આત્મા લેવાની હું ઇશ્વરને અરજ કરૂં છું. હું મારા નાના બીછાનામાં સુઊં છું; પવિત્ર પિતા, મારો અવાજ સાંભળ; ઇશ્વર રાત્રે મારૂં રક્ષણ કર. સહીસલામત હું સવારની રોશની જોઊં તેમ કર.

MORNING. સહુવાર.

God, n. (ગૉડ) ઈશ્વર.
Guard, v. (ગાર્ડ) ચોકી કરવી
Through this day. (થ્રુ ધિસ ડે) આજે.
To thee. (ટુ ધી) તારી આગળ
From my bed. (ફ્રૉમ માઇ બેડ) મારા બીછાનાપરથી.
Rise, v. (રાઇઝ) ઉઠવું.
Pleasing, a. (પ્લીઝીંગ) પસંદ પડે, ખુશ લાગે એવું.
Thine, pro. (ધાઇન) તારી.
Eyes, n. (આઇઝ) નજર.

હમણાં હું ઉઠી રોશની જોઊં છું; ઇશ્વરે રાતમાં મારી સંભાળ રાખી છે ઓ પ્રભુ હું પ્રાર્થના કરૂં છું કે મને સારો કર, આજ મારી સંભાળ રાખ અને ચોકી કર, ઓ પ્રભુ, મારા પરમેશ્વર, હું બીછાનામાંથી ઉઠતી વખત તારી પ્રાર્થના કરૂં છું, કે જે સર્વ હું કરૂં અને કહું તે તુને પસંદ પડે એવું હો.

BEFORE MEAT.

ખાનું ખાધા અગાઉ કરવાની પ્રાર્થના.

Good, n. (ગુડ) સારૂં કામ.
Thank, v. (થેંક) પાડ માનવો

Daily, a. (ડેલી) દરરોજનું.
Blessing, n. (બ્લેસિંગ) આશીરવાદ.
Glory, n. (ગ્લોરી) કીર્તી.

દરેક સારૂં કામ તારે હાથે થાય છે; હમારા રોજના ખોરાકમાં તારો આભાર માનીએ છીએ. હે પ્રભુ તે સાથે તું આશીર્વાદ દે કે તારી કીર્તી નીચે અમે રહીએ. તથાસ્તુ.

PART III. ત્રીજો ભાગ.

A WILLING BOY.

કાંઈ પણ કામ કરવાને રાજી થાય એવો છોકરો.

Robert, n. (રૉબર્ટ) રૉબર્ટ.
Nurse, v. (નર્સ) સંભાળવું, જતન કરવું.
Baby, n (બેબી) નાનું બચ્ચું
Was spinning, v. (ઉવૉઝ સ્પીનિંગ) ફેરવતો હતો.
Top, n. (ટૉપ) ભમરડો.
Yard, n. (યાર્ડ) ચોક, આંગણું.
Pocket, n. (પૉકેટ) ગજવું.
Fond, v. (ફૉન્ડ) શોખી.
Was bid, v. (ઉવૉઝબિડ) ફરમાવવામાં આવ્યું હતું.
Gentle, a. (જેન્ટલ) માયાળું.
Honour, v. (ઑનર) માન આપવું.
Obey, v. (ઓબે) તાબે ચલું.
Children, n. (ચીલડ્રન) છોકરાં.
Parents, n. (પેરન્ટસ) મા બાપ.
Sin, v. (સિન) પાપ કરવું.
Against, (અગેન્સ્ટ) સામે.

તેની માએ કહ્યું "રૉબર્ટ" મારે બદલે તું આવી બચ્ચાંને રાખશે? રૉબર્ટ આગણામાં ભમરડો ફેરવતો હતો પણ તેણે તે તુરત પોતાના ખીસામાં મુકી કહ્યું હા, મા. તે રમતનો શોકીન હતો પણ પોતે ઉપયોગી થવાને અને કહે તેમ કરવા શીખ્યો હતો, બચાં સાથે હેતે તે માયાળુ ને નરમાશવાળો હતો.

ઈશ્વર કહે છે કે તારા પિતાને તારી માતાને માન આપ. તેઓને માન આપવું એટલે તેઓને તાબે રેહેવું. છોકરાં પોતાના મા બાપના તાબામાં નથી રેહેતાં ત્યારે તેઓ ઇશ્વરની સામા પાપ કરે છે.

THE TWO WHITE RABBITS.
બે સફેદ સસલાં.

Present, n (પ્રેઝન્ટ) ભેટ.
White, a. (હ્વાઇટ) સફેદ.
Rabbits, a. (રબિટ્સ) સસલાં
Rabbit-house. (રૅબીટ હાઉસ) સસલાં રાખવાનું ઘર.
Hutch, n. (હચ) સસલાં રાખવાનું ઘર.
Had been left. (હૅડ બીન લેફ્ટ) રાખ્યું હતું.
Open, a. (ઓપન) ખુલ્લું, ઉઘાડું
Got out, v. (ગૉટ આઉટ) બહાર આવ્યા.
Both a. (બોથ) બન્ને, બેઉ.
Seeking, p. pr. (સીકીંગ) શોધતાં.
Something, n. (સમથિંગ) કાંઈ.
Basket, n. (બાસકેટ) ટોપલી.
Filled, p. pr, (ફીલ્ડ) ભરેલી.
Fresh, a. (ફ્રેશ) તાજું.
Turnips, n. (ટર્નિપ્સ) શલગમ, એક જાતના મુળા.
Carrots, n. (કૅરટસ) ગાજર.
Stood, v. (સ્ટૂડ) મુકેલી હતી.
Found, v. (ફાઉન્ડ) લીધો.
Began, v. (બીગૅન) શરૂ કીધું.
Green, a. (ગ્રીન) લીલાં.
There, ad. (ધેર) ત્યાં.
Picture, n. (પિકચર) ચિત્ર, છબી.
Hind a. (હાઇન્ડ) પાછલા.
Top, n. (ટૉપ) ટોચ, શીખર.
Reaches, v. (રીચીસ) પંહોંચે છે.
Pulled down, v. (પુલ્ડ ડાઉન) ખેંચીને નીચે નાંખી.
Helped, v. (હેલ્પડ) મદદ કીધી.
Meals, n. (મીલ્સ) ખાનું.
Lesson, n. (લેસ્સન) ધડો, શીખામણ.

નાના હેનરીને એક દીવસ બે સફેદ સસલાંની ભેટ મળી. એક મ્હોટો સસલો હતો ને બીજો નાનો હતો. તેઓને એક લાકડાના બનાવેલાં નાના ઘરમાં રાખ્યા. સસલાના ઘરને શું કહે છે તે તમે જાણો છો? તેને પાંજરૂં કહે છે. એક દીવસ પાંજરાનો દરવાજો ખુલ્લો રહી ગયો ને સસલાં બાહેર નીકળી ગયા, તેઓ બન્ને ખાવા સારૂં કાંઈ શોધતાં બગીચાની આજુ બાજુમાં ફર્યા. સારાં તાજાં શલગમથી અને ગાજરથી ભરેલી એક મ્હોટી ટોપલી જરા છેટે પડી હતી. સસલાં તુરત તે તરફ ગયાં, ને સઘળાં લીલાં પાતરાં ખાઈ જવા લાગ્યાં. આ રહ્યાં ચીત્રમાં! તમે તેઓને જુવો છો? મ્હોટો સસલો પોતાના પાછલા પગપર બેઠો છે. ને તે ટોપલીના મથાળા સુધી પોંહોચે છે. જુઓ! તેણે એક શલગમ ખેંચી નીચે નાંખ્યું છે. તે જમીનપર પડલું છે. અને નાનું સસલું તે તરફ દોડી જાય છે ને ખાવા પણ માંડે છે. મોટા સસલાએ આ શલગમ ખેંચી નીચે નાંખ્યું તે ઠીક (છે) કર્યું કેમકે નાનો સસલો ટોપલીને મથાળે પહોંચી શકત નહી. આ રીતે મ્હોટાએ નાનાને મદદ કીધી. પોતાના ભોજન વખતે છોકરા અને છોકરીઓએ જેમ કરવું જોઇએ તેના જેવું આ છે. તેઓએ નાના બચ્ચાંને પ્રથમ મદદ કરવી જોઈએ. હેનરીના સફેદ સસલા ઉપરથી એ ખરો ઉપદેશ લેવાનો છે. કેમ નહી?

FAN AND HER PUPS.

ફૅન અને તેણીના કુરકુરિયાં.

Shouting, p.pr. (શાઉટિંગ) ખુમ પાડતો.
Call, n. (કૉલ) તેડું.
Stable, n. (સ્ટેબલ) તબેલો.
Lay, v. (લે) પડેલી હતી.
Straw, n. (સ્ટ્રૉ) સુકુ ઘાસ.
Prettiest, a. (પ્રીટીઅસ્ટ) સૌથી સુંદર.

Black, a. (બ્લૅક) કાળાં.
Ever, ad. (એવર) કદી, કોઈ પણ વખત.
Touch, v. (ટચ) હાથ લગાડવો, અડકવું.
Blind, a. (બ્લાઇન્ડ) આંધળા.
Wandering, p.pr. (ઉવૅાન્ડરિંગ) ભટકતાં, રખડતાં.
Among, pre. (અમંગ) માં.
Placing, p. pr. (પ્લેસિંગ) મુકીને.
Took, v. (ટુક) લઇ ગઈ.
Show, v. (શો) દેખાડવું.
Able, a. (એબલ) શક્તિવાન.
Take care. (ટેક કેર) સંભાળ લેવી.
Themselves, pro. (ધેમસેલ્વઝ) પોતપોતાની.

સુસી, સુસી, સુસી! એમ બુમ પાડતો હેરી ઘરમાં દોડી ગયો. ફ્રૅન પાસ શું છે તે આવી (આવીને) જો. સુસી પોતાના ભાઇને બોલાવતો સાંભળી તે પાસે ગઈ. પછી તેઓ આગણામાં થઇ તબેલામાં સાથે ગયાં. ત્યાં ફ્રૅન તમે કદી નહી દીઠાં હોય એવાં ઘણાજ સુંદર નાનાં કાળા અને સફેદ ચાર કુરકુરીયાં સાથે સુકા ઘાસ ઉપર પડેલી હતી. તેઓ સાથે રમવાને, સુસી તેઓને ઘરમાં લઇ જવા માંગતી હતી પણ હેરીએ તેમાના એકનેબી તેણીને અડકવા દીધી નહી. તેણે કહ્યું થોડા દીવસ સબુર કર; ત્યાર પછી તેઓ જોઈ શકશે. સુસીએ પુછયું, હમણા શું તેઓ આંધળા છે? તેણીના ભાઈએ કહ્યુ નવ દિવસ થાય ત્યાં સુધી બધાં કુતરાં આંધળા હોય છે. કુરકુરીયાં જેવાં જોવાને શકતીવાન થયાં કે હેરી ને સુસી તેઓને જોવાને ગયાં. જ્યારે છોકરાં તબેલામાં ગયા ત્યારે તેમાના એકને તેની મા તરફ પાછું દોડતું જોયું. તે ઘાસમાં આમ તેમ દોડતું હતું. તેઓને ટોપલીમાં મુકી સુસી પોતાની માને દેખાડવા તેમને ઘરમાં લઈ ગઇ. છોકરાઓ નાના કુરકુરીયાં જોવા દરરોજ જતાં, અને તેઓ જલદીથી અહીં તહીં દોડવા અને પોતાની સંભાળ લેવાને શકતીવાન થયાં.

A GAME WITH PUSS.

બિલાડી (પુસ) સાથે રમત.

Game, n. (ગેમ) રમત, ગમત.
Puss, n. (પુસ) બીલ્લાડીનું લાડકું નામ છે.
Tied, v. (ટાઈડ) બાંધી.
Piece, n. (પીસ) કકડો.
String, n. (સ્ટ્રીંગ) દોરી.
Tassel, n. (ટૅસલ) ફુમતું.
Held, v. (હેલ્ડ) ધર્યું.
Look for, v. (લુક ફૉર) શોધવું, જોવું.
Halfasleep (હાફ ઍસ્લીપ) અર્ધી ઊંઘતી.
Foot stool, n. (ફુટ-સ્ટૂલ) પગ ટેકવવાનો પાટલો; ટુલ.
Parlour, n. (પારલર) ઓરડો.
Quietly, ad. (ક્વાએટલી) આસ્તેથી.
Placed, v. (પ્લેસ્ડ) મુક્યું.
Beyond, pre. (બિયૉન્ડ) પેલીમેર, ગમ.
Spot, n. (સ્પૉટ) જગ્યા.
Draw, v. (ડ્રૉ) ખેંચી લેવું.
Slowly, ad. (સ્લોલી) ધીમે ધીમે, આસ્તે આસ્તે.
Opened, v. (ઓપન્ડ) ઉઘાડી
Fixed, v. (ફીક્સ્ડ) તાંકી.
Fixed eyes on it. એકી નજરે તે તરફ જોયાં કીધું.
(To) watch, v. (ઉવૉચ) તપાસવું.
Arose, v. (એરોઝ) ઉઠી.
Sudden, a. (સડન) એકદમ, એકાએક.
Jerk, n. (જર્ક) આંચકો.
Delight n. (ડીલાઇટ) ખુશી.
Sprang, v. (સ્પ્રૅંગ) કુદી.
Chase, n. (ચેઝ) રમત.
Room, n. (રૂમ) ઓરડો.
After, pre. (આફ્ટર) પછવાડે.
At last. (ઍટલાસ્ટ) છેલ્લે.
Made sudden dash. એકાએક ધસારો કીધો.
Dash, n. (ડૅશ) ધસારો.
Pouncing p. pr (પાઉન્સીંગ) પંજાથી પકડવું, તરાપ મારીને
Snatched, v. (સ્નૅચ્ડ) ઝુટાવી લીધું.
Made off with it. (મેડ ઑફ ઉવિથ ઇટ) તે લઈને નાસી ગઇ.

What a race they had after her. કેવી ઝડપથી તેઓ તેણીની પછવાડે દોડતાં હતાં.	Jumped up. (જંપ્ડ અપ) કુદી.
Sofa, n. (સોફા) ગાદી, કોચ.	Chair, n. (ચેર)ખુરશી.
	Caught, v. (કોટ) પકડી.
	Again, ad. (અગેન) ફરીથી.

વીલીએ પોતાની બેન મેરીને કહ્યું. આવ બિલાડી સાથ ગમત કર. એમ બોલતાં વારને તેણે પોતાના હાથમાં ફુમતું હતું તેને એક દોરીનો કટકો બાંધ્યો. પછી તેઓ સાથે મળી બીલાડીને શોધવા ગયાં. ઓરડામાં ફુલ ઉપર અર્ધી ઊંઘતી પડેલી તેઓએ દીઠી. વીલીએ જ્યાં બીલાડી હતી તે જગાની બીજી તરફજ ચુપકીથી ફુમતું મુકયું. પછી તે ધીરેથી તે ઉપરથી ખેંચવા લાગ્યો. તે જેવું હીલવા માંડયું તેવીજ બીલાડીએ આંખ ઉધાડી અને તે ઉપર તાંકી. પછી તમે ચીત્રમાં જુઓ છો તેમ તે જોવાને તે અર્ધિ ઉઠી. છેવટે વીલીએ દોરીને એકદમ આચકો માર્યો. ત્યારે બિલાડી જેમ ઉંદર તરફ કરે તેમ ફુમતા તરફ કુદી તેથી મેરીને ખુશી ઉપજી. વીલી તેણીને વાસ્તે ઘણો હુશીઆર રેહેતો હતો અને બીજે આચકો મારીને તેને તેણીના પંજામાંથી બાહેર કાડી લીધું. પછી રમત શરૂ થઈ અને છોકરાઓ તેઓની પાછળ બિલાડીને લઇ ઓરડાની આસપાસ દોડવા લાગ્યા. આખર બિલાડીએ એકદમ આગળ ધસારો કર્યો અને ફુમતા ઉપર તડાપ મારીને તેણીએ તે વીલીના હાથમાંથી ઝુટવી લીધું અને તે સાથે નાશી ગઇ અરે કેવી ઝડપથી તેઓ તેની પાછળ દોડતાં હતાં! તે પલંગ નીચે દોડી ગઇ, પછે ટેબલ તળે, અને છેવટ તે સાથે ખુરશી ઉપર કુદી ગઇ અને વીલીએ પાછું તે પકડી લીધું.

A GOOD LITTLE GIRL.

એક નાની ભલી છોકરી.

The wind was blowing very loud. પવન ઘણો સખત ફુંકતો હતો.
Street, n. (સ્ત્રીટ) મોહોલ્લો.
Met, v. (મેટ) મળ્યા.
Whocould hardly walk જે ઘણી મુશકેલીથી ચાલી શકતો હતો.
Blew off, v. (બ્લ્યુ ઑફ) ઉરાડી નાંખી.
Hat, n. (હૅટ) ઉભી ટોપી.
Stop, v. (સ્ટોપ) ઉભા રેહેવું.
Else, ad. (ઍલ્સ) નહી તો.
I am afraid. મને ધાસ્તી લાગે છે.
Loose, v. (લુઝ) ખોવું.
Stood, v. (સ્ટુડ) ઉભા રહ્યાં.
Still, ad. (સ્ટિલ) શાંત.
Fun, a. (ફન) રમૂજ.
Just then. (જસ્ટ ધેન) તેજ વખતે.
Same, a. (સેમ) તેજ.
Came in sight. દેખાઈ, જણાઈ.
Without waiting to be asked. કેહેવાની વાર જોય વગર.
Caught, v. (કૉટ) પકડી.
She brought it back. તેણી તે પાછી લાવી.
Carefully, ad, (કેરફુલી સંભાળથી.
Wiped, v. (ઉવાઇપ્ડ) લુછી નાંખી.
Thank you. (થૅંક યુ) તારો ઉપકાર માનું છું.
Kindness, a. (કાઇન્ડનેસ) માયા, દયા.
Onward, ad. (ઑનવર્ડ) આગળ.
Teacher, n. (ટીચર) શિક્ષક.
Windows, n. (ઉવિન્ડોઝ) બારીઓ.
Were over. (ઉવેર ઓવર) પુરા થયાં, લેવાઈ રહ્યાં.
Told, v. (ટોલ્ડ) કહ્યું,
Desk, n. (ડેસ્ક) ઉપર ઢળતાં ચોકઠાવાળું ટેબલ.
Took out, v. (ટુક આઉટ) બાહેર કાઢી.

Picture-book, n. (પીક્ચર બુક) ચિત્રની ચોપડી.
Inside, pre- (ઇન્સાઇડ) અંદર, માંહે.
Cover, a. (કવર) કવર, પુઠું.
Verse, n. (વર્સ) કવિતા,શ્લોક
Deeds, n. (ડીડ્ઝ) કામો.
Make, v. (મેક) કરવું.
Earth, n. (અર્થ) પૃથ્વી.
Eden, n. (ઇડન) બેહેસ્ત, સુખકારક જગ્યા.
Heaven, n. (હેવન) સ્વર્ગ.
Felt ashamed(ફેલ્ટ અશેમ્ડ) શરમાઈ ગયા.
Sorry, a. (સૉરી) દલગીર.
Conduct, n. (કૉન્ડક્ટ) ચાલ ચલણ.
Poor, a. (પૂઅર) ગરીબ.

એ છોકરા નીશાળે જતાં હતાં ત્યારે પવન ઘણો સખત ફુંકતો હતો. મોહોલ્લામાં તેઓને એક બુઢો માણુસ મળ્યો કે જે ઘણી મુશકેલીથી ચાલી શકતો હતો. જેવા તેઓ તેને મુકીને ચાલ્યા તેવીજ પવનથી બુઢા માણુસની ટોપી ઉડી ગઇ. તે ઉતાવળથી રસ્તા ઉપર ઘસડાઇ; પણ તે બુઢો માણુસ તેની પાછળ દોડવા શકતીવાન નહી હતો. બુઢો માણુસ બોલ્યો મારા છોકરા ઉભા રહો ને મારી ટોપી લઇ લો નીકર મને ડર લાગે છે કે હું તે ખોઇ બેશીશ. પણ તે છોકરા સ્થીર ઉભા રહયા અને માત્ર હસ્યા કીધું; તેઓએ ધાર્યું કે ટોપી ઉડે છે તે જોવાને સારી ગમત થાય છે. તેટલામાં એક નાની છોકરી જે એજ નીશાળે જતી હતી તે નજરે પડી. કહેવાની રાહ નહી જોતાં તેણીએ એકદમ દોડી ટોપી પકડી લીધી. પછી તેણીએ બુઢા માણુસને લાવી આપી, પણ તેણીએ તેને આપ્પા પેહેલાં સંભાળથી લુછી હતી. તે બોલ્યો, ગરીબ બુઢા માણુસ તરફ તારા માયાળુપણા માટે, મારી વાહાલી, તારો પાડ માનુ છું. તે છોકરાને છોકરી નીશાળ તરફ આગળ ચાલ્યાં. પણ શીક્ષકે એક બારીમાંથી તેઓને દીઠા હતા. પાઠ પુરા થયા ત્યારે તેણે નીશાળમાં છોકરાંઓને બુઢા માણુસની ટોપી સંબંધી સઘળું કહ્યું. પછી તેણે મેજ તરફ જઇ એક સુંદર ચીત્રની ચોપડી કાહાડી જે તે નાની છોકરીને તેના માયાળુપણા

મારે અ:પી. પુઠાની અંદર બાજુએ તેણીનું નામ અને તે નીચે આ કવિતા લખી હતી. માયાળુપણાના નાના કામ, અને પ્યારના ટુંકા વચન, ઉપરના સ્વર્ગની પેઠે આ પૃથ્વીને સુખદાયક જગ્યા બનાવે છે. બીચારા બુઢા માણસ તરફની પોતાની વર્તણુક માટે છોકરાઓ શરમાઈ ગયા અને દીલગીર થયા.

LITTLE WHEEL AND BIG WHEEL.

નાનું અને મોટું પૈડું.

Waggon, n. (ઉવૅગન) ગાડું.
Waggon-wheel. (ઉવૅગન ઉવ્હીલ) ગાડાનું પૈડું.
Difference, n. (ડીફ્રરન્સ) તફાવત.
Between, pre. (બીટવિન) વચ્ચે.
Course, n. (કૉર્સ) રસ્તો.
Pursue, v. (પરસુ) ચાલવું, કાપવું.
Small, a. (સ્મૉલ) નાની.
Like, pre. (લાઇક) માફક.
Keep up, v, (કીપ અપ) ટકવું, નીભવું.
Larger, a. (લારજર) વધારે મોટું.
Own, v. (ઓન) કબુલ કરું છું
Friend, n. (ફ્રેન્ડ) મિત્ર,દોસ્ત
Quickness n. (કવિકનેસ) ઝડપ.
Supplies, v, (સપ્લાઈઝ) પુરું પાડે છે.
What I want in my size. મને મારા કદમાં જેની ખુટ છે તે.
Size, n. (સાઈઝ) કદ.
The front, (ધ ફ્રન્ટ) આગલો ભાગ.
End, n. (ઍન્ડ) છેડો.
Keep, v. (કીપ) રાખવું.

નાના ગાડીના પૈંડાને મોટું ગાડીનું પૈંડું કહે જે કે આપણા વચ્ચે કેટલો તફાવત હું દેખું છું! જેવા આપણે રસ્તે ચાલ્યા કે તારા જેવી નાની વસ્તુ મારા જેવી મોટી વસ્તુ સાથ ટકી શકશે? ગાડીના મોટા પૈંડાને નાનું ગાડીનું પૈંડું કહે છે; મારા ભલા દોસ્ત,

તમે વધારે મોટા છો તે હું કબુલ કરૂં છું; પણ મારા કદમાં જે ખામી છે તે મારી ઝડપ પુરી પાડે છે, તેથી આખર સુધી હું આગળનું આગળ રહું છું.

TIDY TOM. સુઘડ ટોમ.

Once, ad. (ઉવન્સ) એક વખત.
Country school. ગામડાની નીશાળ.
Tidy, a. (ટાઇડી) સુઘડ, ઠીક ઠાક, ચકચકીત.
Dirty, a. (ડર્ટી) ગંદો, મેલો, ખરાબ.
Name, n. (નેમ) નામ.
Rose up, v. (રોઝ અપ) ઉઠતો હતો,
Early, ad. (અર્લી) વેહેલો.
Break-fast, n. (બ્રેક-ફાસ્ટ,) સવારનો નાસ્તો.
Brushed, v. (બ્રશડ) સાફ કરતો હતો.
Boots, n, (બૂટસ) જોડા, બુટ.
Make them shine, તેઓને ચળકતાં કરવાં.
Dust, n, (ડસ્ટ) ધુળ.
Cap, n, (કૅપ) ટોપી,
Coat, n. (કોટ) ડગલો.
Washed, v. (ઉવૉશ્ડ) ધોતો હતો
Combed, v. (કોમ્બડ) હોળતો હતો.
Books, n. (બૂકસ)ચોપડીઓ.
Started off, v. (સ્ટાર્ટેડ ઑફ) જવા નીકળતો હતો.
In time. (ઇન ટાઇમ) બરોબર વખતે.
Clean, a. (કલીન) સાફ.

એક વખત સુંદર નાની ગામડાની નિશાળમાં બે છોકરા જેને સુઘડ ટૉમ અને ગંદો ડૅન કરી કેહેતા હતા. ટૉમનું નામ કેમ પડયું તે મને તમારી આગળ કેહેવા દો. રોજ સહવારમાં તે ઘણો વેહેલો ઊઠતો. સહવારનું ખાનું ખાધા પેહેલા બુટને ચળકતાં કરવા તે સાફ કરતો. અને પછી પોતાની ટોપી અને ડગલામાંથી સઘળી ધૂળ કાળજી રાખીને કાહાડી નાંખતો, ત્યારપછી

તે પોતાના હાથ અને મો ધોતો, બાળ હોળતો અને સહવારનું ખાનું ખાતો. પછી પોતે ચોપડી બગલમાં મારી નીશાળે જવા નીકળતો. તેને લાંબે રસ્તે જવાનું હતું પણ હમેશાં તે ત્યાં વખતસર પોંહોંચતો. તે હમેશાં પોતાનો પાઠ સમજી આવતો અને તે સ્વચ્છ અને સુઘડ હતો. તેટલામાટે છોકરાઓ તેને સુઘડ ટૉમ કહી બોલાવતા. જેમ બને તેમ આ નાના પાઠ સારી રીતે શીખો ટૉમ જેવા સુઘડ થાઓ, ડૅન જેવા ગંદા નહી થતા.

WASHING DAY. કપડાં ધોવાનો દાહાડો.

Cottage, n, (કૉટેજ) ઝુપડી.
Country, n. (કન્ટ્રી) ગામડું, દેશ.
Dolls, n. (ડાલ્સ) ઢીંગલીઓ.
They were busy talking about something. તેઓ કાંઇ ચીજ વિષે વાત કરવામાં ગુંથાયલા હતાં.
Was sewing, v. (વૉઝ સોઇંગ) સીવતી હતી.
Please may we have a washing day? મેહેરબાની કરીને અમને એક દહાડો (કપડાં) ધોવામાં કાઢવા દેસો?
Wash, v. (વૉશ) ધોવું.
Be careful. (બી કેરફુલ) સંભાળ રાખજો.
Yourselves, pre. (યૉરસૅલ્વઝ) તમે જાતે, તમે પોતે,
Kitchen, n. (કીચન) રસોડું. રાંધણી.
Tub, n. (ટબ) નાનું લાકડું પીપ.
Soap, n. (સોપ) સાબુ.
The green, n. (ધિ ગ્રીન) લીલોતરી ભરેલી જગા.
The clothes were taken off both the dolls, બન્ને ઢીંગલીઓના કપડાં કાઢી નાંખ્યા.
Huug, v, (હંગ) ટાંગ્યા.
Cord, n. (કૉર્ડ) દોરડું, દોરી.
(To) dry, v. (ડ્રાઈ) સુકાવવું.
Were dressed, n. (વેર ડ્રેસ્ડ) કપડાં પેહેરાવ્યાં.
Queen's n. (ક્વીન્સ) રાણીઓ.
Looked, v. (લુક્ડ) માલમ પડી, દેખાઇ.

બે નાની છોકરી નામે લુસી અને જેન, ગામડામાં એક ઝુપડીમાં રેહેતીઓ હતી. એક દીવસ તેઓ પોતાની ઢીંગલીઓ સાથ રમતી હતી. તેઓ કાંઈ ચીજ ઉપર વાત કરવામાં ગુંથાયલા હતા તેટલામાં એક જણીએ કહ્યું ચાલો મા પાસે જઇ પુછીએ. તેઓ ભેગી થઇ તેઓની માં જ્યાં સીવતી હતી ત્યાં ઘરમાં ગઇ. અને લુસી બોલી મેહરબાની કરી, મા એક દિવસ ધોવાનો કાઢવા દેશો? તેઓની મા બોલી ધોવાનો દિવસ! ધોવાના દીવસનું નાની છોકરીઓને શું કામ છે. જેન બોલી અરે! મેહેરબાની કરી અમને એક દિવસ કાઢવા દે. અમારી ઢીંગલીઓના કપડા આવા મેલાં છે તેઓની મા [illegible] મેલાં! તેઓ થયાં છે? ત્યારે તે ધોઇ નાંખો પણ તમે જાતે સ્વચ્છ રેવાની કાળજી રાખજો. રસોડામાંથી તેઓને એક નાનું પીપ મળ્યું. કાંઈ ગરમ પાણી અને સાબુનો કડકો. પછી ઘરની પાછળ તેઓ લીલોતરીવાળી જગ્યામાં ગયા ને ધોવા માંડયું. બંને ઢીંગલીઓનાં સઘળાં કપડાં ઉતારી લીધાં ને પછી પીપમાં નાખ્યા. લુસીએ ધોઇ તેઓને ઘણા સાફ કર્યાં અને જેને તેઓને એક દોરી ઉપર સુકાવા ટાંગ્યાં. જયારે ઢીંગલાઓને પાછાં તેઓનાં સાફ કપડાં પેહેરાવ્યાં ત્યારે તેઓ બે રાણીઓ જેવી માલમ પડી.

ON THE SHORE, કિનારા ઉપર.

Sands. n. (સૅન્ડસ) રેતી.
Sea-shore. (સી-શોર) દરિયા કીનારો. [મૅની) ઘણું.
A greatMany (એ ગ્રેટ-
Shells n, (શેલ્સ) શીપ, છીપ
Lying about, આમ તેમ પડેલાં

Further. (ફરધર) વધારે આગળ.
Looking for (લુકીંગ ફૉર) શોધતાં.
Pockets n. (પૉકેટસ) ગજવા
Full, a. (ફુલ, ભરપુર.
Turned, v. (ટર્ન્ડ) ફર્યાં.

Water had come right round, બરોબર ચોતરફ પાણી ફરી વળ્યું હતું.
A little way off, થોડાકદુર.
Danger, n. (ડેન્જર) ભય, ધાસ્તી.
Place, n. (પ્લેસ) જગા.
Rushed, v. (રશ્ડ) ધસારા બંધ ઝોકાવ્યું.
He did not mind the water, તેણે પાણીની દરકાર નહીં કીધી.
Bare, a (બેર) ઉઘાડા.
Boots, n. (બુટસ) જોડા, બુટ.
Stockings, n. (સ્ટૉકીંગ્સ) મોજાં.
Wet a. (ઉવેટ) ભીનાયલા.
Carefully, ad. (કેરફુલી) સંભાળથી.
Beach, n. (બિચ) કીનારો, કાંઠા
How good the boy had been to them તે છોકરાએ તેઓ સાથે કેવી ભલાઇ કીધી હતી.
Present, n. (પ્રેઝન્ટ) ભેટ,

એડીથ પોતાની નાની બેનને સમુદ્ર કીનારે રેતમાં રમવા લઇ ગઇ. તેઓએ ઘણીએક સુંદર છીપો ને પથરા આસપાસ પડેલાં દીઠાં ને તેઓ વણવા મંડી ગયા. તેઓ વધારે છીપો ને પથરા માટે જોતાં આગળ આગળ ચાલ્યાં ગયાં પણ સમુદ્ર વિશે વિચાર કર્યો નહી. છેવટે તેઓનું ખીસું ભરાઇ ગયું ને ઘેર જવા સારૂં તેઓ ફર્યા પણ તે જગાએથી તેઓ ખસી શકયાં નહી, કેમકે તેઓ જ્યાં ઉભા હતા તેની સામું ચોતરફ પાણી ફરી વળ્યું હતું. એડીથ બોલી અરે શું કરશું? અને તેની નાની બેન રડવા લાગી. એક છોકરો કે જરા દુર રેતી ઉપર હતો, તેણે છોકરીઓની ધાસ્તી જોઇ. તે એક બાહાદુર અને માયાળુ છોકરો હતો, કેમકે તે તુરત તે જગાએ દોડી ગયો ને તેઓને મદદ કરવા દરીઆમાં ધસ્યો. તેણે પાણીની દરકાર ન કરી, કારણ કે તે ઉઘાડે પગે હતો; પણ બીચારી એડીથના જોડા અને મોજાં ઘણા ભીંજાયલા હતા. તે છોકરો એડીથની નાની બેનને સંભાળથી કાંઠે ઊંચકી લાવ્યો અને તેણીને સુકી જગ્યા ઉપર મુકી. તે નાની છોકરીઓ

તરત ઘેર દોડી ગઇ. ને આ છોકરાએ તેઓ સાથ કેવી ભલાઇ કીધી તે પોતાની માને કહી સંભલાવ્યું. તે ઘણી ખુશી થઇ. અને તેણે આ મેહેરબાની ભરેલું કામ કર્યું તે માટે તેના તરફ એક સારી ભેટ મોકલાવી.

THE SUN. સૂર્ય.

How long. (હાઉ લૉંગ) કેટલોવાર સુધી, ક્યાંસુધી.
Peep, v. (પીપ) છાનામાના જોવું.
Edge, n. (એડજ) કોર.
Blind, n. (બ્લાઇન્ડ) પડદો, ચક.
I want to say, હું કેહેવા માગું છું.
Bottom, n. (બૉટમ) તળીઉં, નીચલો ભાગ.
Garden, n, (ગાર્ડન) બાગ, વાડી.
Good morning. (ગુડ મૉરનિંગ) સહવારની સલામ.
Bed, n. (બેડ) ક્યારો.
Nice, a. (નાઈસ) સુંદર.
Buds, n. (બડઝ) કળીઓ.
Opening, p, pr. (ઓપનિંગ) ખીલતી.
Park, n. (પાર્ક) મેદાન, રમવાની જગો.
Lambs, n. (લૅમ્ઝ) મેંઢાઓ.
Bade, v. (બેડ) કીધી.
They could not do without me, મારા વના તેઓને ચાલી શકતું હતું નહી.
Die of cold. (ડાઇ ઑવ-કોલ્ડ) થંડીથી મરી જવું.
Until the sun had found a hole in the blind. જ્યાંસુધી સૂરજને પડદામાં એક બાકુ જણાયું (સુરજનો તડકો પડદાના કાણામાંથી અંદર આવ્યો.
Through which it sent its rays right down on his face, જે વાટે પોતાના કિરણ બરોબર તેના મ્હોડા ઉપર પાડયાં.
Sprang, v. (સ્પ્રૅંગ) એકદમ ઉઠયો.

Rubbed. v. (રબ્ડ) ચોળી.
Was very late. ઘણો મોડે ઉઠયો.
Was quite early. તદ્દન વેહેલો ઉઠયો હતો.
Pleased, v. (પ્લીઝડ) ખુશી કીધો.
Bunch, n. (બન્ચ) ઝુમખો.
Gathered, v. (ગેધર્ડ) એકઠો કીધો.

ઉઠ, નાના છોકરા હું કહું છું એકદમ ઉઠ. ત્યાં કેટલીવાર સુધી સુઇ રેવા તારો વિચાર છે? તારા સુવાના ઓરડાની બારીમાં જોવા હું ઘણો વખત થયા તજવીજ કરતો હતો. પણ મારાથી ફકત પડદાની કોર તરફ છાનામાના જોઈ શકાયું. હું સવારની સલામ કેહેવા અને કેટલીએક સુંદર ચીજો જે તમારી આસપાસ તમે જોઇ શકો તે તમને બતલાવવા ચાહું છું. બગીચાની તળીએ, ફુલોના ક્યારામાં કેટલીક મજેની કળીઓ હમણાજ ખીલતી આવે છે. ઘરના છેડા તરફ ઝાડમાં માળો છે, તેમાં ચાર સુંદર નાના પક્ષીઓ છે મેદાનમાં ઝાડોની નીચે ઘાસ ઉપર છ નાના બરફ જેવાં સફેદ ઘેંટાનાં બચ્ચાં રમે છે. મેં તેમને સહવારની સલામ કહી ત્યારે સઘળા મને જોઇ ખુશી થયા કારણ કે મારા વગર તેઓને ચાલી શકતું ન હોતું, હું નહી આવત તો કળીઓ ઉઘડત નહી. અને નાનાં પક્ષી અને નાનાં ઘેટાં ટાઢીથી મરી જનત. પણ સૂર્યને પડદામાં એક કાણું માલમ પડયું તેમાંથી તેણે તેના મોહો ઉપર પોતાના સીધા કીરણો નાંખ્યા ત્યાં સુધી તે નાનો છોકરો હીલ્યો નહીં, પછી તે બીછાનામાંથી ઉઠયો, પોતાની આંખો ચોળી, અને પોતાના કપડા પેહેર્યા એવું ધારીને કે હું ઘણો મોડો છું. પણ હજુ તે ઘણો વેહેલો હતો. જેથી તે બાહેર ચલકતો ગરમ સૂર્ય જોવા અને તેને સહવારની સલામ કેવા દોડી ગયો. પછી તેણે માળામાં નજર કરી અને નાનાં પક્ષી દીઠાં. તેણે મેદાનમાં જ્યાં નાનાં ઘેટાં હજી રમતાં હતાં ત્યાં પણ જોયું. પણ સર્વ કરતાં તે ફુલોથી ઘણોજ ખુશી થયો, અને તેણે પોતાની માને સુંદર ઝુમકો આપવા જેટલાં એકઠાં કર્યાં.

SKIPPING. દોરડાપરથી કુદવું તે.

Skip, v. (સ્કીપ) દોરડાપરથી કુદવું.
Skipping rope. (સ્કીપિંગ રોપ) કુદવાનું દોરડું.
Step, n. (સ્ટેપ) પગલું.
Counted, v. (કાઉન્ટેડ) ગણ્યા.
Took, v. (ટૂક) મુકયાં,ઊંચકયા
Twenty, a. (ટવેન્ટી) વીસ.
Cheeks, n. (ચીકસ) ગાલો.
Glow, n, (ગ્લો) તેજ, પ્રકાશ
All in a glow. રતાસવાળા.
Twice, n. (ટવાઈસ) બમણા.
Tables, n. (ટેબ્લસ) કોષ્ટકો.
Lesson, n. (લિસન) પાઠ.
Too hard. (ટૂહાર્ડ) ઘણુંભારી
Mistake, n. (મીસ્ટેક) ભૂલ.
Everything, n. (એવરીથિંગ) દરેક ચીજ.
Had done, v. (હેડ ડન) કીધા હતા.
Little, a. (લીટલ) નાહાની.

મેરી, જેવી પોતાનું કુદવાનું દોરડું લઇ બાહેર ખેતરમાં દોડી ગઇ તેવી બોલી, જો હું કેવી કુદી શકું છું. તેણીની મા ઉભી તે પોતાની છોકરી કુદવા લાગી તે જોતી હતી. મેરીએ પગલાં પછી પગલું મુકયું ને ગણવા લાગી એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, છેવટ તેણીએ વીસ સુધી ગણ્યા. પછી તે પોતાની મા પાસ દોડી ગઈ, તેના ગાલ સઘલા તેજ મારતા હતા ને તે બોલી, મા! મા! મેં વીસ કર્યા! મા બોલી ફરી અજમાવી જો ને વીસથી બમણા કર. હું તારા જેવી નાની છોકરી હતી ત્યારે હું એટલા અને તેથી વધારે કરતી. મેરી બોલી, એમ તમે કરી શકતાં? ત્યારે હું કરીશ. પછી તે અજમાએશ કરવા દોડી ગઇ અને છેવટ તે પણ વીસથી બમણા કરી શકી. બમણા વીસ તે કેટલા તે તમે જાણો છો? મેરી જાણતી નથી, તે માત્ર છ વાર બાર સુધીના પોતાના કોષ્ટક જાણે છે. જ્યારે સાતે ગુણવાનું તેણીને શીખવાનું આવ્યું ત્યારે તે બોલી પાઠ ઘણો કઠણ છે. અને હું કરી શકતી નથી. તેની મા બોલી. ફરીથી અંજમાવી જો, હું નાની છોકરી હતી ત્યારે હું સ-

ઘણુા કોષ્ટક શીખી હતી. ને મારી ખાતરી છે કે તું અજમાવી જોઇસતો સીખી શકીશ. મેરીએ અજમાવી જોયું. તે પાઠ તરત આવડયો પછી બીજો અને બીજો, ને આખર તે બેવાર એકથી તે બારવારકી બાર વગર ભુલે બોલી શકી તેની મા જ્યારે નાની છોકરી હતી ત્યારે જે કાંઈ કરેલું તે કરવાની તેણીએ કોશીસ કરી.

EACH ONE USEFUL. દરેકજણ ઉપયોગી.

Cock, n. (કૉક) મરઘો.
A doodle-doo, n. (આ-ડુલ ડુ) મરઘાનું બોલવું કુકરે કુક.
Farm-yard. (ફાર્મયાર્ડ) ખેતરનો વાડો.
Crowed aloud (ક્રોડ અલાઉડ) પાસ્યો, કુકરેકુક કીધું.
Useful, a. (યુસફુલ) ઉપયોગી
Get up, v. (ગેટઅપ) ઉઠવું.
Always, ad. (ઓલવેઝ) હમેશાં.
Cluck, n. (કલક) મરઘીનું બોલવું, કોક, કોક, કોક.
Was walking, ચાલતી હતી
Pretty, a. (પ્રેટી) સુંદર.
Chickens, n. (ચીકન્સ) મરઘીના બચ્ચાં.
Find, v. (ફાઇન્ડ) શોધવું.
Lay, v. (લે) મુકવું.
Egg, n. (એગ) ઇંડું.
Master, n. (માસ્ટર) ધણી.
Mistress, n. (મીસ્ટ્રેસ) શેઠાણી.
Nice things. (નાઈસ થિંગ્સ) મજાની ચીજો.
Could not get on well, સારી રીતે ચાલી શકે નહી, અથવા ઠીક પડે નહી.
Mew, (મ્યુ) બીલાડીનું બોલવું, મીઆંઉ.
Keep from, v. (કીપફ્રૉમ) દુર રાખવું, અટકાવવું.
Cheese, n. (ચીઝ) પનીર.
Bow wow, (બાઉ ઉવાઉ) કુતરાનું ભસવું તે.
Kennel, n. (કિનલ) કુતરાનું ઘર અથવા રેહેઠાણુ.

Watch, v. (ઉવૉચ) ચોકી કરૂં છું.
I keep thieves. (આઇ કીપ થીવ્ઝ) હું ચોરોને અટકાવું છું અથવા દુર રાખું છું.
From stealing, ચોરવાથી.
Property, n. (પ્રૅાપર્ટી) માલમતા, ધન.
Farmer, n. (ફારમર) ખેડુત.
Yard, n. (યાર્ડ) વાડો.
Threw, v. (થ્રિઉ) ફેંક્યા.
Handful, a. (હૅન્ડફુલ) મુઠ્ઠો ભરીને.
Handful of corn, એક મુઠી અનાજ.
Placed, v. (પ્લેસ્ડ) મુક્યું.
Cup. n. (કપ) પ્યાલું
Bone, n. (બોન) હાડકું.
Thus, ad. (ધસ) આ પ્રમાણે.
Showed, v. (શોડ) દેખાડયું.
Thought, v. (થૉટ) વિચારતો હતો.
Way, n. (ઉવે) રીત.
Each of them, (ઈચ ઑવ ધેમ) તેમાંનું દરેક જણ

મરઘો બોલ્યો, કુકડે કુ! તે ખેતરના વાડામાં ઉભો રહી મોટથી બોલ્યો કે સઘળા તેને સાંભળી શકે કુકડે કુ! હું કેવો ઉપયોગી છું; કેમકે હું હમેશાં સર્વની પેહેલાં ઉઠું છું. અને જેવો સૂર્ય ઉગે છે કે તરત હું ઘરમાના સર્વેને ઉઠાડવા સારૂં વાસુ છું. વાડામાંથી મરઘી બોલી કલક! કલક! કલક! તે ત્રણ સુંદર નાના બચ્ચાં સાથે આસપાસમાં ફરતી હતી અને તેઓ માટે કાંઇ ખોરાક શોધી કાહાડવાની તજવીજ કરતી હતી. કલક! કલક! કલક! તમારા કરતાં હું વધારે ઉપયોગી છું. ઘણુ કરીને દરરોજ મારા સેઠના સહવારના ખાના માટે હું એક સુંદર તાજું ઇંડું મુકું છું. ત્યારે વિચાર કર મારી સેઠાણીને હું કેવી કામની છું. છોકરાઓ સારૂં મારા ઇંડાની તે કેટલી બધી સુંદર ચીજો બનાવે છે. ઇંડા વગર તેનું સારી રીતે ચાલી શકે નહી. બીલાડી જેવી ઘરમાંથી નીસરી કે પોતે શું કરી શકે છે તે કહી બતાવવાને મ્યુ! મ્યુ! મ્યુ! બોલી. મ્યુ! મ્યુ! મ્યુ! રોટલી, પનીર, અને અનાજથી હું ઊંદરોને દુર રાખું છું, પો-

તાના ખડામાંથી મહો બાહેર કાઢયું કે કુતરો બોલ્યો. વૌ ! વૌ ! વૌ ! મારે જે કેહેવાનું છે તે સાંભળો અને પછી શું કામ છે તેની તમને ખબર પડસે. દીવસે અને રાતે હું ઘરની ચોકી કરૂં છું. ચોરોને મારા શેઠની મીલકત ચોરતા અટકાવું છું. હું નહી હોઉં તો તમે સઘળા કયાં હો ? પછી ખેડુત વાડામાં તરત આવ્યો. તેણે પક્ષીને મુઠી ભરી અનાજ નાંખ્યું. અને બીલાડી પાસે દુધનો પ્યાલો મુકયો. પછી કુતરાને એક હાડકું નાંખ્યું. તેણે આથી બતાવી આપ્યું કે તેમાંના દરેક પોત પોતાની રીતમાં ઉપયોગી છે એમ તે ધારે છે.

GOD IS IN HEAVEN. ઈશ્વર સ્વર્ગમાં છે.

God, n. (ગૅાડ) ઈશ્વર, પરમેશ્વર.
Heaven, n. (હેવન) સ્વર્ગ
Wrong, n. (રૅાંગ) ખોટું કામ, ગુનો.
All day and night along. આખો દીવસ અને આખી રાત સુધી.
Tell a lie. (ટેલ આ લાઇ) જુઠું બોલવું.
Spoken low. (સ્પોકન લો) ધીમેથી બોલાયલું.
Sky, n. (સ્કાઇ) આસમાન આકાશ.
Care, n. (કેર) સંભાળ, રક્ષણ
Below, (બિલો) નીચે. હેઠળ.
Not yet. (નૅાટ યટ) હમણાં નહી.
Praise, v. (પ્રેઝ)વખાણ કરવા
There, ad. (ધેર) ત્યાં.

ઇશ્વર સ્વર્ગમાં છે; અને હું ખોટું કામ કરૂં ત્યારે તે જોઇ શકે છે? હા, બચ્ચા, તે જોઇ શકે છે? તે આખો દિવસ અને આખી રાત તારા તરફ જુવે છે. ઇશ્વર સ્વર્ગમાં છે; અને હું જુઠું બોલું તો તેને ખબર પડે? હા. બચ્ચા ધીરેથી બોલેલું પણ તે આકાશમાં સાંભળે છે. ઇશ્વર સ્વર્ગમાં છે; અને તે સંભાળ રાખે છે તે માટે તેનો આભાર માનવા હું જઈ શકું ? હજી

નહી; આહીં નીચે તેના ઉપર પ્યાર રાખ અને ઉપર તું તેના વખાણુ કરીશ.

THE RABBIT IN THE WOOD.
જંગલ માંહેલો સસલો.

Beasts, n. (બીસ્ટસ) હેવાનો, જાનવરો.
To take a walk. ફરવાને.
Sitting. p. pr. (સિટિંગ) બેસીને.
Bush, n. (બુશ) ઝાડી.
Hush, interj. (હશ) ચુપ.
Presently, ad. (પ્રેઝન્ટલી) હાલ, તુરત.
Story, n. (સ્ટોરી) વાત.
Gun, n. (ગન) બંદુક, તોપ.
Perhaps, ad.(પરહૅપ્સ)કદાચ
Point, v. (પૉઇન્ટ) આંગળીએ કરી બતાવવું.
I am shot, (આઇ ઍમ શૉટ) મને બંદુકથી મારી નાંખે છે.
Alack. interj (અલાક) હાય! અફસોસ!
Pop, v. (પૉપ) મુકી દેવું, ઘુસારી દેવું.
Sack, n (સૅક) કોથળો.
Fate, n. (ફેટ) નસીબ, તકદીર
I grow faint, હું બેશુદ્ધ થાઉંછું.
My spirits sink. (માઇ સ્પીરીટસ સિંક) મારી હિમ્મત તુટી જાય છે.
Wheat, n. (ઉવ્હીટ) ઘઉં.
Thieving, n. (થીવિંગ) ચોરી, લુટ.
Replied, v. (રીપ્લાઇડ) જવાબ દીધો.
If such a thieving you begin. જો તું આવી ચોરી કરશે.
You must pay it with your skin. તો તેને બદલે તુંને તારી ચામડી આપવી પડશે (અથવા તને મારી નાંખીને તારી ચામડી ઉતારી લેવી પડશે.)
Honestly, ad. (ઑનેસ્ટલી) પ્રમાણીકપણાથી.
Living, n. (લિવિંગ) ગુજરાન
Happy, a. (હૅપી) સુખી.
Skin, n. (સ્કીન) ચામડી.

જંગલમાં જ્યાં પશુઓ વાત કરી શકે છે ત્યાં હું ફરવા ગયો હતો. ઝાડીમાં બેઠેલો એક સસલો મારા તરફ જોઈ બોલ્યો, ચુપ! તરત તે મારી પાસ દોડી આવ્યો ને નીચે પ્રમાણે પોતાની વાત શરૂ કીધી:—હું જોઊં છું કે તમારી પાસ બંદુક છે: કદાચ તમે તુરત તે મારા તરફ તાંકસો ને જ્યારે મને ગોળી વાગી ત્યારે હાય! હાય! તમારા નાના થેલામાં મને ઘુસાડી દેસો. મારી તકદીર ઉપર જ્યારે હું વિચાર કરૂં છું ત્યારે હું બેભાન થાઊં છું ને મારો ગુસ્સો નરમ પડે છે. મેં જવાબ દીધો, સુંદર સસલા તું ખેડુતના ઘંઉ ખાતો નહી તું આવી ચોરી કરીશ તો તેનો બદલો તારી ચામડીથી તારે આપવો પડસે. પ્રમાણીકપણાથી ગુજરાન કર અને હજી તું સુખી થઇશ!

THE KETTLE AND ITS FRIENDS.

કીટલી અને તેના સાથીઓ.

Kettle, n. (કિટલ) કીટલી.
Often, ad. (ઑફ્ન) વારંવાર.
Boiling. (બૉઇલિંગ) ઉકાળતાં
Water, n. (ઉવૉટર) પાણી.
Break-fast, n. (બ્રિકફાસ્ટ) નાસ્તો.
Dinner, n. (ડીનર) બપોરનું ખાનું.
Tea, n. (ટી) ચા.
Iron, a. (આયર્ન) લોઢું.
Bear, v. (બેર) સહન કરવું, ખમવું.
Heat, n. (હીટ) ગરમી.
Because, conj. (બીકૉઝ) કારણકે.
Coffee-pot, n. (કૉફીપૉટ) કાફી બનાવવાનું વાસણ.
Tin, n. (ટીન) કલઈ.
Sometimes ad. (સમ્ટાઇમ્સ) કોઇ વખત.
Beside, pre. (બીસાઇડ) કને, પાસે.
Hob, n. (હૉબ) ભઠ્ઠી અથવા ચુલા આગળ રાખવાની લોઢાના સળીઆ વાળી જાલીનો ચપટો ભાગ.

Pour, v. (પોર) રેડવું.
Hot, a. (હૉટ) ગરમ.
Enough, ad. (ઇનફ) પુરતું. જોઇએ એટલું.
(To) scald, v. (સ્કૉલ્ડ) બાળવું, ઉનું કરવું.
Feel, v. (ફીલ) લાગવું.
Family, n. (ફૅમિલી) કુટુંબ, કબીલો.
Middle, n. (મીડલ) વચલો ભાગ.
Tea-pot, n. (ટીપૉટ)ચાહદાની
Around, pre. (અરાઉન્ડ) આસપાસ.
Cups, n. (કપ્સ) પ્યાલાં
Saucers, n. (સૉસર્સ) રકાબીઓ.
Chickens, n. (ચીકન્સ) મરઘીના બચ્ચાં,
Greatest, a. (ગ્રેટેસ્ટ) સૌથી મોટા.
Clay, n. (ક્લે) માટી, મટોડી.
Baked, v. (બેકડ) પકવવામાં આવ્યાં, ભૂજવામાં આવ્યા.
Oven, n. (ઓવન) ભઠ્ઠી.
Hard, a. (હાર્ડ) કઠણ.
Bid good afternoon. (બીડ ગુડ આફ્ટરનુન) પાછલા પોહોરની સલામ કરવી.
Boil, v. (બૉઇલ) ઉકાળવું.
Wanted, v. (વૉન્ટેડ) માગ્યું, ઇચ્છયું, મરજી થઈ.

હું કીટલી છું. તમારા સવારના ખાણા, બપોરના ભોજન અને ચાહે માટે પાણી ઉકાળવાના કામમાં તમે વારંવાર મને જોઈ છે. તમે જાણો છો હું શાની બનેલી છું? હું તમને કહું છું. હું લોખંડની બનેલી છું; કારણ કે લોખંડ ભારે ગરમી ખમી શકશે. આહીં મારો મિત્ર કાફી-પૉટ છે. એ શાનો-બનેલો છે તે તમે જાણો છો? ના. ત્યારે હું તમને કહીંશ. મારો મિત્ર કાફી-પૉટ કલઈનો બનેલો છે ને કોઇવાર મારી જોડે લોખંડની જાળી ઉપર બેસે છે. જો તેને લાગતું હોય તો હું તેને બાળી નાંખે એવું ગરમ પાણી વારંવાર તેમાં નાખું છું, હવે મારા મિત્રનું કુટુંબ તમે જોશો. તે વગર મારાથી છતાં તેવો ઉપયોગી થવાસે નહી. તેઓ આ રહ્યા. વચ્ચે તમે જુવોછો કે તે ચાહદાની છે અને તેની ફરતા મરઘી અને તેના બચ્ચાંની

માફક પ્યાલા અને રકાબીઓ છે. કાફી-પૉટ અને ચાહદાની એ મારા બે મ્હોટા મીત્ર છે. પ્યાલા અને રકાબીઓ સાથે મારા બે મીત્રોને જેટલું કામ પડે છે એટલું બધું મારે પડતું નથી. પણ હું વારંવાર તેઓને જોઊંછું, ને તેઓ શાના બનેલા છે તે હું જાણું છું. પ્યાલા ને રકાબીઓ મટોડીનાં બનેલા છે, અને તેઓને સખત કરવા ભઠ્ઠીમાં પકાવેલા છે. ચાહ માટે પાણી ઉકાળવા મારો ખપ છે માટે હું તમને પાછલા પોહોરની સલામ કહું છું.

SAILING THE BOAT. મછવો હંકારવો.

Pond, n. (પૉન્ડ) તળાવ.
Sail, v. (સેલ) હંકારવું.
New, a. (ન્યુ) નવો.
Is painted, v. (ઇઝ પેન્ટેડ) રંગેલું છે.
Flag, n. (ફ્લૅગ) વાવટો.
Is filling, v. (ઇઝ ફીલિંગ) ભરે છે.
Cross, v. (ક્રૉસ) જવું, પાર જવું.
Other, a. (અધર) બીજી.
Start, v. (સ્ટાર્ટ) હડસેલો મારવો.
It will keep sailing from side to side તે એક બાજુએથી બીજી બાજુએ આવ જા કર્યા કરશે.
Careful, a. (કેરફુલ) સાવધ, સાવચેત.
Slip, v. (સ્લીપ) સરી જવું, લપસી જવું.
Get wet, v. (ગેટ વેટ) ભીનાવું.
John came to grief. જૉન સંકટમાં આવી પડ્યો.
How it was.(હાઊ ઈટ વૉઝ) તે કેમ થયું હતું.
Mistake, n. (મીસ્ટેક) ચુક. ભુલ.
Holiday n. (હાલી ડે) તેહેવાર
Afternoon. n.(આફ્ટર નુન) પાછલો પોહોર,
Cousin, n. (કઝન) પીત્રાઈ, સગું.

Came to pay him a visit તેની મુલાકાત લેવા આવ્યો.
Lily, n. (લિલિ) કમળનું ફુલ.
So close. (સો કલોઝ) એટલું નજદીક.
Edge, n. (એડજ) કોર, કોરણ.
He felt sure. (હીફેલ્ટશ્યૉર) તેની ખાતરી હતી.
John would have his own way, જૉન પોતાની મરજી પ્રમાણે ચાલવાને માંગતો હતો.
Taking hold a branch એક ડાંખલી પકડીને.
Stretched out, v. (સ્ટ્રેચ્ડ આઉટ) લાંબો કીધો.
Hand, n, (હૅન્ડ) હાથ.
(To) get, v, (ગેટ) લેવાને.
Broke, v. (બ્રોક) ભાંગી ગઈ.
John got a ducking, જૉન પાણીમાં બચકોરા ખાવા લાગો.
It did him good, તેથી તેને ફાયદો થયો.
Taught, v. (ટૉટ) શીખવ્યું.

જૉન પોતાની નવી હોડી હંકારવા તળાવપર આવ્યો છે. તે તેને (હોડીને) "બ્લ્યુ બેલ" કહે છે, કેમકે તે આસમાની રંગેલી છે, અને તેને નાનો આસમાની વાવટો છે. જો! તેની સડમાં પવન ભરાય છે. તે તળાવની બીજી બાજુ થોડા વખતમાં પાર કરશે. પછી જૉન ચકર ફરશે અને ફરીને ચલાવસે, કે જેથી કરી એક બાજુથી બીજી બાજુ સુધી તે આવ જા કર્યા કરસે છોકરા પાણીમાં લપસી બીના નહી થાય એવી સંભાળ રાખેતો તેઓ માટે આ મજેની રમત છે. એક વાર આ તળાવમાં જૉન સંકટમાં આવી પડયો, તે કેમ થયું તે મને કેહેવા દો કે તેની ભુલપરથી તમને એક ધડો મળે. એક તેહેવારને પાછલે પોહોરે તેનો પીત્રાઈ ભાઈ ફ્રેડ તેને મળવા આવ્યો, તેઓ આ તળાવ નજદીક રમવા ગયા. જૉને તળાવને કીનારે એક સફેદ સુંદર કમળનું ફુલ એટલું તો પાસે દીઠું કે તેને ખાત્રીથી જણાયું કે હું લઇ શકીશ. તેના પીત્રાઇ ફ્રેડે કહ્યુ તારે એ કોશેસ કરવી નહી જોઇએ. તળાવ ઘણું ઊંડું છે અને

તું તેમાં પડી જઇશ. પણ જૉન પોતાની મરજી પ્રમાણે ચાલ-નારો હતો. એક ડાંખલી પકડીને તેને ફુલ લેવા લાંબો હાથ કર્યો. તે ડાંખલી તુટી ગઈ અને જૉન પાણીમાં બચકોરા ખાવા લાગો. પણ એથી તેને ફાયદો થયો કેમકે આથી વધારે સાવધ રેહેવા તેને શીખામણ મળી.

MORNING SONG. સહવારનુ ગીત.

Brightly ad. (બ્રાઈટલી) ચળકાટથી.
Glows, v, (ગ્લોઝ) પ્રકાશે છે.
Night has fled away રાત્રી પુરી થઇ છે.
Every, a, (એવરી) દરેક.
Joyful, a. (જૉયફુલ) ખુશી ભરેલો.
Sound, n, (સાઉન્ડ) અવાજ.
Echoes, v. (એકોઝ) પ્રતિશબ્દ પાછો સંભળાય છે.
Morn, n, (મૉર્ન) સહવાર.
Guard, n, (ગાર્ડ) ચોકી, સંભાળ.
Thou a guard has kept over me, તેં મારી સંભાળ રાખી છે.
Slept. v, (સ્લેપ્ટ) સુતો.
Raise, v. (રેઝ) બુમ પાડવી, મોટેથી બોલવું.
Song, n. (સૅાગ) ગાયન,ગીત.
Praise, n, (પ્રેઝ) વખાણ. સ્તુતી.
Ever ad, (એવર) હમેશાં.
Pray, v. (પ્રે) પ્રાર્થના કરવી.

દીવસ ચકચકીત રીતે પ્રકાશે છે. રાત જતી રહી છે; દરેક ખુશી ભરેલા અવાજ સર્વે બાજુએથી સામા અવાજ કરે છે. સહવાર મને વાહાલું લાગે છે. અરે પ્રભુ તારો પાડ કે, હું સુતો હતો ત્યારે તેં મારી સંભાળ રાખી છે. હું મારૂં સ્તુતીનું ગીત મોટેથી ગાણી છું તે સાંભળ દરરોજ હમેશાં મારૂં દીલ તારી પ્રાર્થના કરો !

EVENING SONG. સાંજનુ ગીત.

The sun has set, સુરજ અસ્ત પામ્યો છે.
A new, (ઍન્યુ) નવેસરથી, પાછું ફરીથી.
Fallen, a. (ફૉલન) પડેલાં.
Dew, n. (ડ્યુ) દવ.
Has covered up, (હૅઝ કવર્ડ અપ) ઢાંકયું છે.
Its scented cup, (ઈટસ સેનટેડ કપ) તેની સુગંધ વાળું પ્યાલું.
Each flower has covered up its scented cup. દરેક ફુલે પોતાની ખીલેલી ખુશબોદાર કળીઓ પાછી બીડી નાંખી છે.
Filled, p. p. (ફીલ્ડ) ભરેલું.
Has sunk to rest, (હૅઝ સંક ટુ રેસ્ટ) ઊંઘમાં પડયું છે, આરામ લીધો છે.
In slumbers deep, (ઈન સ્લમ્બર્સ ડીપ) ભર ઊંઘમાં.
For through the night. કારણ કે રાતે.
As in the light. દહાડાની માફક.
Our God is near, આપણો ઇશ્વર નજદીક છે.

સુરજ આથમ્યો છે અને હમણા ફરીથી પડેલાં ડવથી ઘાસ બીજાયલું છે. દરેક નાના પક્ષીએ પોતાના માળામાં આરામ લીધો છે, રાગ સંભળાતો નથી. દરેક ફુલે પણ પોતાની સુગંધી કળીઓ (પ્યાલા) બીડી દીધી છે, સઘળી દવથી ભરેલી છે આખી રાત સહવારે અજવાળું થતાં સુધી હું પણ ભર ઊંઘમાં ઊંઘીશ. હું ડરતો નથી, કેમકે રાતે અને દિવસે આપણો ઇશ્વર પાસે હોય છે.

જમનાદાસ ભગવાનદાસની કુંપનીએ પ્રગટ કરેલાં પુસ્તકો.

શાળોપયોગી પુસ્તકો.

	રૂ.આ.પૈ.
સેન્ડફર્ડ મર્ટનના મિનીંગ	૦-૧૨-૦
રૉયલ સ્કુલ પ્રાઈમરના મિનિંગ.	૦--૪--૦
રૉયલ રીડર નં. ૧લાના મિનિંગ.	૦--૬--૦
રૉયલ રીડર નં. ૨જાના મિનિંગ.	૦--૮--૦
રૉયલ રીડર નં. ૩જાના મિનિંગ.	૦-૧૦-૦
રૉયલ રીડર નં. ૪થાના મિનિંગ.	૦-૧૦-૦
રૉયલ રીડર નં.૫ માના મિનિંગ.	૦-૧૨-૦
હાવર્ડકૃત પ્રાઈમરના મિનિંગ	૦--૪--૦
હાવર્ડકૃત અંગ્રેજી બીજી ચોપડીના મિનિંગ	૦--૬--૦
ફારસી આમાદન નામાનો અં૦ ગુ૦ તરજુમો. ...	૦--૨--૦
શાળોપયોગી કોષ્ટકો	૦--૧--૦
ન્યુ રૉયલ નં. ૧ લાના મિનિંગ	૦--૬--૦
ન્યુ રૉયલ નં. ૨ જાના મિનિંગ	૦--૮--૦
ન્યુ રૉયલ નં. ૩ જાના મિનિંગ	૦-૧૧-૦
ન્યુ રૉયલ પ્રાઈમરના મિનિંગ.	૦--૩--૦
શોર્ટસેન્ટેન્સીસ.	૦--૨--૦
બાળમિત્રના મિનિંગ... ...	૦--૩--૦
બાળ ચિત્ર પોથી	૦--૧--૦
Copious notes on Vicar of Wakefield ...	0-12-0

નાટકનાં પુસ્તકો.

ગુલશને બેખાર ઉર્ફે તમાશાહાએ પુરબહાર (કે જેની અંદર ૯ ઉરદુ ખેલો, બે જલસા, બંદગીઓ, બન્જારાના ગાયનો, તથા મુજરાઓમાં ગવાતી ૧૫૦ ગજલોનો સંગ્રહ કીધો છે	૧--૪--૦
ચંદ્રસેનને ચંદ્રપ્રભા નાટક	૦--૬--૦
મંદા દુઃખદર્શક...	૦--૬--૦
છેલ સેલાણી અને વિક્રમચરિત્ર	૦--૬--૦
તમાશાએ નતિજએ અસ્મત...	૦--૬--૦
અન્જામે સખાવત	૦--૫--૦
ગુલીસ્તાનેખાન્દાને હમાન. ...	૦--૪--૦
ચંદન મલયાગરી નાટક.	૦--૪--૦
તમાશાએ ચાંદબી	૦--૪--૦
મહેઝના (ઉર્ફે અફસરે ચરત્તર).	૦--૪--૦
ગુલશને બેદાદ(ઉર્ફે શીરીંફરહાદ)	૦--૪--૦
તોહફયે દીલફોશા	૦--૩--૦
સોબતે અસર	૦--૩--૦
ચાંપરાજ હાંડાના ગાયનો ...	૦--૧--૦
નયરંગે ઈશ્ક	૦--૪--૦
નકશે સુલેમાનીનો ઉરદુ ખેલ.	૦--૩--૦
ગુલશને બહાર અફઝા... ...	૦--૨--૦
ગુલબકાવલી નવી.	૦--૪--૦
અન્જામે રુખન.	૦--૩--૦
ગુલશને બેખાર...	૦--૩--૦
અલીબાબા ચાલીસ ચોર. ...	૦--૩--૦
દાદે દરિયા..	૦--૪--૦
ઈશ્ક નવ બહાર...	૦--૨--૦
નંદરાજા અને સતિ સુલોચનાના ગાયનો.	૦--૨--૦
લયેલી. મજનુ.	૦--૨--૦
ધ્રુવ આખ્યાનના ખેલમાં ગવાતાં ગાયનો.	૦--૧--૬
રસીકાનો અતિ રમુજી ફારસ..	૦--૧--૦
ચાલાક શકરબી તથા ગુરુજીની ગડબડનો ફારસ.	૦--૧--૦
શ્રીકૃષ્ણવીલાસ ગાયન... ...	૦--૨--૦

મોતીશા અને દાહીવહુનો ફારસ ૦--૨--૦
જલસએ સનોબર. ૦--૩--૦
અકસીરે આઝમ ઉર્ફ તીલસ્માતે
સુલેમાની. ૦--૧--૬
સવાઇ ઠગનો ફારસ ૦-૧--૬
ભરથરીના ગાયન. ૦--૧--૬

બીજાં નાટકના તથા પરચુરણ પુસ્તકો. રૂ.આ.પૈ.

હિંદુસ્તાની ગાયન સંગ્રહ ભાગ
૧, ૨, ૩, દરેકનો.... ... ૧--૦--૦
સીતમે હમાન ઉર્ફ ફરેબે અ-
જાજીલ... ... ... ૦--૮--૦
અંજામે ઉલ્ફત ઉર્ફ હુમાયુન
નાસીર... ... ... ૦--૬--૦
જફાએ સીતમગર. ૦--૬--૦
સદેવત સાવલીંગા. ૦--૧--૬
કામસેન રસીકાના ગાયન. ... ૦--૧--૦
ઓખાહરણનો ઓપેરા.. ... ૦--૧--૦
રૂકસમણી હરણ... ... ... ૦--૧--૦
સંગીત ગાયન સંગ્રહ.... ... ૦--૮--૦
ગોપીચંદ નાટક (ગુજરાતી) ... ૦--૬--૦
મૃચ્છકટીક નાટક. ૦--૮--૦
કરણ ઘેલાના ગાયન.... ... ૦--૧--૦
મદાલસા. ૦--૧--૦
વિરસિંહ ચંદ્રિકા. ૦-૧-૦

વારતાઓના પુસ્તકો.

ગીરધર કૃત રામાયણ ૨--૮--૦
જાળંધર આખ્યાન ૧--૮--૦
મૃદાલસા આખ્યાન ૦--૮--૦
સ્ત્રી વિલાસ ગરબાવળી. ... ૦--૮--૦
દલપત અને ધનપાળની વાર્તા... ૦--૨--૦
સજ્જનતા મેળવવાના સાધન... ૦--૨--૦
પાર્વતિ લક્ષ્મીજીનો સંવાદ ... ૦--૧--૦
ફીડલ શીખવાની ચોપડી. ... ૦--૮--૦
ક્રીકેટ ગાઈડ ૦--૧--૦
દરેક માણસ જાતે વૈદ... ... ૧--૦--૦
કલગી ગાયન સંગ્રહ ૦-૧૨-૦
મુરખાની વારતા. ૦-૧૨-૦
અભીમન્યુનો ચક્રાવો ૦--૮--૦

એ સિવાએ દરેક જાતની નાટકની, વારતાઓની, અંગ્રેજી ગુજરાતી, ઉરદુ ચોપડીઓ પણ મળસે. જથ્થાબંધ લેનારને કમીશન ઘણુંજ સારૂં આપવામાં આવશે.

મેહેતા જમનાદાસ ભગવાનદાસની કુંપની;
મૅનૅજર—જમનાદાસ ભગવાનદાસ,
ઠેકાણું—મુંબઇમધ્યે ભુલેશ્વર આગળ.